# ગુજરાત યુનિવર્સિટી

નં. પરીક્ષા /૨-અ/૨૭૭૬૨/૨૦૧૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૪ - ૦૭ -૨૦૧૨

પરિપત્ર : ૧૩૮

આથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિનયન કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, બી.એ. સેમેસ્ટર-૨ના સત્રો મંજૂર કર્યા બાદ પરીક્ષા ઉત્તીર્ણ કરીને સેમેસ્ટર-૩ ના વર્ગમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે કૉલેજ બદલવાથી કે વિષય / વિષયજૂથ શીખવાતું ન હોય તેવા કેસોમાં દ્વિતીય ગૌણ વિષય કે પ્રથમ ગૌણ વિષય બદલવા અંગેનો નિયમ રેગ્યુ. આર્ટ્સ-૬(બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે.

**R.Arts-6 (B) (Re-Amended) :**

1. Candidate will be allowed to change his/her second subsidiary subject with the permission of the Principal of the college where he/she studies for the B.A. Semester-3 class only on special accounts of non-availability of the second subsidiary subject in an institution he/she desires to join or in the absence of any provision for medium of instruction that the candidate had offered for the examination.

   The Principal will have to intimate such changes with necessary details to the University before the end of the First Term.

2. In the event of changing a college a candidate will be allowed to change his/her first subsidiary subject at Semester-3 only with the prior permission of the Vice-Chancellor on account of non-availability of the subject as first subsidiary subject or in the absence of such subject group before the end of August i.e. 31 August. But he/ she must gain the credit of the new subject at B.A. semester 1 & II both simultaneously.

ઉપર મુજબ ફરીથી સુધારેલા નિયમ રેગ્યુ. આર્ટ્સ-૬ (બી) મુજબ ---

(૧) સેમેસ્ટર-૩માં બીજો ગૌણ વિષય બદલવાની પરવાનગી આચાર્યશ્રી આપી શકે છે તે માટે કુલપતિશ્રીની પૂર્વમંજૂરીની જરૂર નથી. પરંતુ સેમેસ્ટર-૪થી વિષય બદલી શકાશે નહીં.

(૨) સેમેસ્ટર-૩માં પ્રથમ ગૌણ વિષય બદલવા માટે કુલપતિશ્રીની પૂર્વમંજૂરી ૩૧ ઓગસ્ટ પહેલાં લેવી આવશ્યક છે. પરંતુ આવા કિસ્સામાં વિદ્યાર્થી મંજૂરી મેળવી સેમેસ્ટર-૩માં જે નવો વિષય પ્રથમ ગૌણ તરીકે રાખે તે વિષયની પ્રથમ સેમેસ્ટર તથા બીજા સેમેસ્ટરની પરીક્ષા આપી તેની ક્રેડિટ મેળવવાની રહેશે. સેમેસ્ટર-૪માં કોઈ વિષય બદલી શકાશે નહીં.

વધુમાં આ કાર્યાલયના તા. ૨૪-૭-૧૯૯૧ના પરિપત્ર નં. ૮૬ અને તા. ૧૯-૭-૧૯૯૪ના પરિપત્ર નં. ૬૮ મુજબ કોઈપણ વિદ્યાર્થીને બી.એ. સેમેસ્ટર-૩ના વર્ગમાં મુખ્ય વિષય અને પ્રથમ ગૌણ વિષયની અદલાબદલી (Interchange) કરી આપવા માટે યુનિવર્સિટીની પૂર્વ મંજૂરીની જરૂર નથી. સેમેસ્ટર-૪માં વિષયો અદલાબદલી કરી શકાશે નહીં. જે જાણ સારું.

આપનો વિશ્વાસુ,

કા. કુલસચિવ